જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૧૦/૨૦૧૫ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૦૯૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી અને ૨૭ વ્યક્તિઓને ઝડપી ૫૦૧ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૪૯૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૯/૧૫**

**નરોડાઃ** પ્રવિણકુમાર હીરાલાલ પટેલ (રહે.મનમંદિર ટેનામેન્ટ સ્મશાનની બાજુમાં નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૧૦/૧૫ બપોરના ૧૨/૩૦ થી ૪/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાની બે જોડ પાટલી કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, સોનાના દોરા નંગ-૩ કિમત રૂપિયા ૮૦,૦૦૦/-, ચાંદીના જુડા કિમત રૂપિયા ૧૨૦૦/-, ચાંદીનો સેટ કિમત રૂપિયા ૧૮૦૦/- અને ચાંદીના સાંકળા કિમત રૂપિયા ૧૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૪,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે એચ જાડેજા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૦/૧૫**

**સોલા હાઈકોર્ટઃ** સંજયભાઈ હર્ષદભાઈ પટેલ (રહે.હરી શાંતીનગર બંગલોઝ ગોકુલ હોટલની બાજુમાં ગોતા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૦/૧૫ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે એસ.જી હાઈવે ઔડી શોરૂમ સામેથી લીલાધર રાઠોડ (ઉ.વ.૭૮) રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા લીલાધર રાઠોડને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ બી સૈયદ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ટ્રેનની અડફેટે મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૦૧/૧૫</u>**

**ચાંદખેડાઃ** દેવીલાલ ધર્માજી ગર્જર (ઉ.વ.૨૫) (રહે.નાકોડા સોસાયટી મુળ વતન ગામ અર્જુનગઢ તાલુકો દેવગઢ જીલ્લો રાજસમંધ રાજસ્થાન) તા.૧૫/૧૦/૧૫ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે ગાંધીનગરથી આનંદ તરફ આવતી ટ્રેનની અડફેટે આવી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અબ્દુલભાઈ મુસાભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૨/૧૫**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** અજયકુમાર અમૃતભાઈ મકવાણા (ઉવ.૨૮) (રહે.મગનકુંભારની ચાલી નગરીમીલની પાસે ગોમતીપુર) એ કોઈ કારણસર તા.૧૫/૧૦/૧૫ કલાક ૯/૪૦ વાગ્યા પહેલાં કોઈપણ સમયે સાબરમતી પશ્ચીમ તરફ પોઈન્ટ નંબર-૩ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આલાભાઈ વજસીભાઈ ચલાવે છે.

**<u>ગુમ થવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૧૦૩/૧૫</u>**

| | |
|---|---|
| **સરદારનગરઃ** રાહુલ જયંતીભાઈ રાજવંશ (ઉ.વ.૨૪)(રહે.જય અંબે રો-હાઉસ રાધા સ્વામિ સોસાયટી સામે કુબેરનગર) તા.૮/૧૦/૧૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. જમણા હાથે બ્લેડ મારેલાની જુની નિશાની છે. ઉંચાઇ ૫ ફુટ ૭ ઇંચ છે. (સરદારનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૬૪૩૪૫) |  |
| **સેટેલાઈટઃ** રીન્કુબહેન દેવીલાલ રાવલ (ઉ.વ.૧૭)(રહે.વડવાલાનગર સાગર ટાવર પાસે જીવરાજબ્રીજ પાસે વેજલપુર) તા.૧૦/૧૦/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે સેટેલાઈટ કેનયુગ ચાર રસ્તા પ્રતિષ્ઠા એપાર્ટમેન્ટ નજીકથી ગુમ થયા છે. પાતલા બાંધાના અને ઘઉવર્ણા છે. પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે. (સેટેલાઈટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૬૧૩૩૩) |  |
| **સાબરમતીઃ** રવિન્દ્રસિહ ભીખાભાઈ ઝાલા (ઉ.વ.૫૩)(રહે. મહાકાળી સોસાયટી લીટલ ફ્લાવરસ્કૂલની બાજુમાં વલ્લભપાર્ક ડી કેબીન સાબરમતી) તા.૧૩/૧૦/૧૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને શ્યામવર્ણા છે. સફેદ રંગનો લીટીવાળો શર્ટ અને સફેદ રંગનુ પેન્ટ પહેર્યુ છે. ડાબા અંગે લકવાની અસર છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (સાબરમતી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૦૬૮૧૯) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)